*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 62

## સેટ-ટોપ બોક્સની ઈન્ટરઓપરેબિલિટી



ચર્ચામાં શા માટે ?

ઈન્ટરઓપરેબિલિટીની આવશ્યકતા વિશે :

વર્તમાન સ્થિતિ વિશે :-


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


**TOPIC-62નો**
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (Telecom Regulatory Authority of India-TRAI) એ ભલામણ કરી છે કે દેશમાં બધા 'સેટ-ટોપ બોક્સ' (Set Top Boxes) ઈન્ટરઓપરેબલ (Interoperable) હોવા જોઈએ.

## ઈન્ટરઓપરેબિલિટીની આવશ્યકતા વિશે :

- સેટ ટોપ બોક્સ (STBS)ના ઈન્ટરઓપરેબલ હોવાનો અર્થ એ થાય છે કે - "ગ્રાહકો વિવિધ DTH (Direct to Home) તથા કેબલ ટીવી પ્રદાતા (Providers)માં સમાન પ્રકારના સેટ ટોપ બોક્સનો ઉપયોગ કરી શકશે."
- TRAI એ એમ પણ સૂચન કર્યું છે કે ઈન્ટરઓપરેબિલિટી (આંતરવ્યવહારિકતા)ને ફરજિયાત બનાવવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયે લાયસન્સ અને નોંધણીની શરતોમાં સુધારા કરવા જોઈએ.
- સેટ ટોપ બોક્સનું ઈન્ટરઓપરેબલ ના હોવાથી વિવિધ સેવા પ્રદાતાઓ માટે જુદા જુદા સેટ ટોપ બોક્સની જરૂર પડે છે. આવી સ્થિતિમાં તે ગ્રાહકોને સેવા પ્રદાતા બદલવાની સ્વતંત્રતાથી વંચિત રાખે છે.
- તે તકનીકી નવીનીકરણ, સેવાની ગુણવત્તામાં સુધારણા તથા સમગ્ર માહિતી અને પ્રસારણ ક્ષેત્રના વિકાસને પણ અવરોધે છે.
- DTH એ 'Direct To Home' સેવાનું સંક્ષિપ્ત નામ છે. તે એક ડિજિટલ સેટેલાઈટ સેવા છે.
- DTH દ્વારા દેશમાં ક્યાંય પણ સેટેલાઈટ દ્વારા પ્રસારણના માધ્યમથી સીધા ગ્રાહકોના ટેલિવિઝન પર કાર્યક્રમો જોવાની સુવિધા પૂરી પાડે છે.
- તેના સિગ્નલ ડિજિટલ પ્રકૃતિના છે અને તે સીધા ઉપગ્રહથી પ્રાપ્ત થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્તમાન સ્થિતિ વિશે :-

- હાલમાં કેબલ ટીવી નેટવર્કના સેટ ટોપ બોક્સ નોન-ઈન્ટરઓપરેબલ છે. જ્યારે DTH સેવાઓમાં લાયસન્સ શરતોની મજબૂરીને કારણે સામાન્ય ઈન્ટરફેસ મોડ્યુલ આધારિત ઈન્ટરઓપરેબિલિટીની સુવિધા હોય છે.
- જો કે, વ્યાવહારમાં DTH મા પણ સેટ ટોપ બોક્સ સરળતાથી ઈન્ટરઓપરેબલ હોતા નથી.
- TRAI એ પણ ભલામણ કરી છે કે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા DTH અને કેબલ ટીવી સેવાઓમાં સુધારેલા સેટ ટોપ બોક્સ ધોરણોને લાગુ કરવા માટે એક સંકલન સમિતિની રચના કરવી જોઈએ.
- આ સમિતિ 'ભારતીય માનક બ્યૂરો'ના ટેલિવિઝન ધોરણો, ડિજિટલ વીડિયો બ્રોડકાસ્ટિંગ કોમન ઈન્ટરફેસ પ્લસ અને ETSI (European Telecommunications Standards Institute - ETSI)ના IS : 103-605 ધોરણોની સ્થાપના કરવા તથા સતત દેખરેખ રાખવાનું કાર્ય કરશે.
- ડિજિટલ વીડિયો બ્રોડકાસ્ટિંગ (Digital Video Broadcasting- DVB) એ ડિજિટલ ટેલિવિઝન માટેના આંતરરાષ્ટ્રીય ધોરણોનો સમૂહ છે.
- તથા આ ધોરણો યુરોપિયન ટેલિકમ્યુનિકેશન્સ (ETSI)ની એક 'સંયુક્ત તક્નીકી સમિતિ' દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT